**તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૦ ટકા ● સાંજે ૧૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૧૬, બુધવાર ; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# બ્રસેલ્સ આત્મઘાતી હુમલાથી હચમચ્યુ

## બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સના વિમાની મથક અને મેટ્રોને ટાર્ગેટ બનાવાયા : ૩૦ના મોત : મોટી સંખ્યામાં લોકો ઇજાગ્રસ્ત : બ્રસલ્સ વિમાની મથક, મેટ્રો સ્ટેશનોને બંધ કરવાની ફરજ પડી : ઇમરજન્સી જાહેર : તમામ ફ્લાઇટો ડાયવર્ટ કરાઇ



બ્રસલ્સ,તા. ૨૨

બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સ સિરિયલ બોંબ બ્લાસ્ટ અને આત્મઘાતી હુમલાના કારણે આજે હચમચી ઉઠ્યું હતું. બ્રસેલ્સ વિમાની મથક અને સિટી મેટ્રોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા આ હુમલામાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા હતા જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. સ્થાનિક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વિમાની મથક પર હુમલામાં ૧૩થી વધુ લોકોના મોત થયા છે જ્યારે મેટ્રો સ્ટેશન પર ૧૫થી વધુના મોત થયા છે. બ્રસેલ્સ વિમાની મથક પર આજે સવારે બ્લાસ્ટ થયા હતા. એક બ્લાસ્ટ મેટ્રો સ્ટેશન પાસે થયો હતો. વિસ્ફોટ બાદ તરત જ બેલ્જિયમમાં ભીષણ આતંકવાદી ખતરાની ચેતવણી જારી કરવામાં આવી હતી. સાથે સાથે પડોશી દેશ નેધરલેન્ડમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી હતી. તમામ બ્લાસ્ટ આત્મઘાતી હતા. સ્થાનિક સમય મુજબ સવારે ૮.૦૦ વાગે જેવેન્તમ વિમાની મથકમાં બે વિસ્ફોટ થયા હતા ત્યારબાદ ત્રીજો બ્લાસ્ટ યુરોપિયન યુનિયનની મુખ્ય ઈમારતની નજીક થયો હતો. માલબીક મેટ્રો સ્ટેશન પાસે બ્લાસ્ટ થયો હતો. ઓફિસ સમય હોવાના કારણે મેટ્રો સ્ટેશન પર મોટી સંખ્યામાં લોકો હતા. સાથે સાથે વિમાની મથક ઉપર પણ ચેકઈન કરાવવા માટે હજારો યાત્રીઓ હતા. બોંબ બ્લાસ્ટ થયા બાદ એરપોર્ટ ઉપર ચારેબાજુ અફડાતફડી મચી ગઈ હતી. ચારેબાજુ લોકો ભાગતા નજરે પડ્યા હતા. સિરિયાલ બ્લાસ્ટ બાદ બ્રસેલ્સ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરાખંડમાં રાજકીય સંકટ હજુ પણ યથાવત

દહેરાદુન,તા. ૨૨

ઉત્તરાખંડની લડાઈ હવે રાષ્ટ્રપતિના દરવાજા સુધી પહોંચી ગઇ છે. ભાજપે હરિશ રાવત સરકારને બરખાસ્ત કરી દેવાની માંગણી કરી છે. બીજી બાજુ કોંગ્રેસે કેન્દ્ર ઉપર તેમની સરકારને અસ્થિર કરવાનો આક્ષેપ કર્યો છે. પોતાની પાર્ટીના ધારાસભ્યોના બળવાના પરિણામ સ્વરુપે ઉતરાખંડમાં કોંગ્રેસ સરકારને બહુમતિ સાબિત કરવા માટે ૨૮મી માર્ચ સુધીની મહેતલ આપવામાં આવી છે. રાજ્યપાલ ડો. કૃષ્ણકાંત કોલે મુખ્યમંત્રી હરિશ રાવતને કહ્યું છે કે, તેઓ ૨૮મી માર્ચ સુધી બહુમતિ પુરવાર કરે. ઉત્તરાખંડના રાજ્યપાલ કેકે પોલે કેન્દ્રને રાજ્યની સ્થિતિ અંગે અહેવાલ મોકલી દીધો છે. ૧૮મી માર્ચના દિવસે ભાજપ અને કોંગ્રેસના કુલ ૩૫ ધારાસભ્યોને રાજભવનમાં રજૂ કરવામાં આવ્યા હતા.

# યુરોપમાં અભૂતપૂર્વ સલામતી વ્યવસ્થા

## બ્રસેલ્સમાં આત્મઘાતી હુમલાના પગલે ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, બ્રિટન વિમાની મથકો ઉપર સુરક્ષા વધારાઈ : વિમાની મથક અને આસપાસના વિસ્તારોમાં વધુ જવાનો તૈનાત : બ્રસલ્સમાં યુરોપિયન યુનિયનના કર્મચારીઓને ઘરમાં રહેવા આદેશ

બ્રસલ્સ,તા. ૨૨

બેલ્જિયમના વડાપ્રધાન ચાર્લીસ મિચેલે સિરિયલ બોંબ બ્લાસ્ટ અને આત્મઘાતી હુમલા બાદ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, આ યુરોપ માટે બ્લેક ડે સમાન છે. બેલ્જિયમમાં આજે સિરિયલ બોંબ બ્લાસ્ટ અને આત્મઘાતી હુમલો થયો હતો. સિરિયલ બ્લાસ્ટ બાદ સમગ્ર બેલ્જિયમમાં દરોડાનો દોર હાથ ધરાયો હતો. યુરોપિયન યુનિયન અને વિશ્વના અન્ય દેશો પણ બ્લાસ્ટના કારણે હચમચી ઉઠ્યા છે. જુદી જુદી પ્રતિક્રિયાઓ વિશ્વના દેશોએ આપી છે. પડોશી દેશ ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડની સાથે સાથે બ્રિટનમાં પણ વિમાની મથકોની સુરક્ષા વધારી જેવામાં આવી છે. સમગ્ર યુરોપિયન દેશોના વિમાની મથક ઉપર લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વિમાની મથકની અંદર અને બહાર સુરક્ષા વ્યવસ્થા અનેકગણી વધારી દેવામાં આવી છે. બ્રસલ્સમાં યુરોપિયન યુનિયનના કર્મચારીઓને ઓફિસની અંદર અથવા તો ઘરની અંદર રહેવા માટે કહેવામાં આવ્યું છે. અહીં ૨૮ દેશોના યુરોપિયન યુનિયનની ઓફિસ છે. સ્વિડનના વડાપ્રધાન સ્ટીફન લોફવેને વિસ્ફોટોને લોકશાહી ઉપર હુમલા તરીકે ગણાવીને આની ટિકા કરી છે.

બ્રિટનના વડાપ્રધા ડેવિડ કેમરુને પણ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, તેઓ આઘાતમાં છે. સાથે સાથે બ્રસલ્સની ઘટનાઓથી ચિંતિત પણ છે. મદદ માટે તમામ કામ કરવામાં આવશે. જિનેવાથી તરત જ પહોંચી ગયેલા એક ફ્રાન્સિસી યાત્રી જ્યાં પિયરેએ કહ્યું છે કે, અમે વિસ્ફોટોના અવાજ સાંભળ્યા છે. ઘાયલ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે.









## ભાજપ નવા પ્રદેશ માળખાની ચોથી પહેલા જાહેરાત

અમદાવાદ,તા. ૨૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી હોળાષ્ટક કમૂર્તા ઉતર્યા બાદ તુરત જ નવા પરેદશ માળખાની જાહેરાત કરશે અને તેમની પ્રથમ પ્રદેશ કારોબારીની બેઠક ૪થી એપ્રિલના રોજ મળશે તેમ જાણવા મળે છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ હોદ્દેદારોની એક બેઠક આજે બપોરે ગાંધીનગર ખાતે કોબા સર્કલ નજીક આવેલા ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે મળી હતી.

## પાટીદારોની જામીન અરજી ફગાવાઈ

અમદાવાદ, તા. ૨૨

રોજદ્રોહના કેસમાં ત્રણ પાટીદારોની જામીન અરજીને આજે ફગાવી દેવામાં આવી હતી. બીજી બાજુ હાર્દિક પટેલે અમદાવાદમાં લાવવામાં આવ્યો છે. હાર્દિકના ત્રણ સાથીદારને જામીન ન મળતા પાટીદારોમાં નારાજગી જોવા મળી હતી. પ્રાપ્ત માહિતી મુજબ રાજદ્રોહ કેસમાં જેલમાં બંધ હાર્દિકના ત્રણ સાથીદારો, ચિરાગ, કેતનના જામીન કોર્ટે ફગાવ્યા છે. બીજી તરફ આજે વિસનગર કોર્ટમાં રજુ કરાયા બાદ હાર્દિક પટેલને સીધો અમદાવાદ લવાયો હતો. આવતીકાલે હાર્દિક સહિત ચારેય પાટીદારોને કોર્ટમાં રજુ કરાશે. કેતન પટેલ, ચિરાગ પટેલ અને દિનેશ બાંભણિયાની જામીન ના મંજુર કરતા કોર્ટે હાલ જામીન માટે યોગ્ય તબક્કો ન હોવાનું નોંધીને સુપ્રિમ કોર્ટમાં એસએલપી પેન્ડિંગ હોવાનું કારણ આપ્યું હતું. હાર્દિકના સાથીઓની જામીન અરજી નકારતાં પાસના કન્વિનર વરૂણ પટેલે જણાવ્યું હતું કે, આજથી સમાધાન ફોર્મ્યુલાનો અંત આવ્યો છે.





